**NAS-001-001627** Seat No. ________

**Third Year B. A. (Sem. VI) (CBCS) Examination**

**March / April – 2017**

**Gujarati : Paper - 22**

(અપઠિતઃ કાવ્યનો આસ્વાદ ગદ્યખંડનું વિતરણ, સાહિત્યિક સાંસ્કૃતિક નિબંધો )

*(New Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001627**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ (૧૪) છે.

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો. ૧૪

કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ?
કાં ભૂલી જા, મન રે ભોળા ! આપણા જુદા આંક.
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ.
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?
ઉપરવાળી બેન્ક બેઠી છે, આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.
ધૂળિયે મારગ કૈંક મળે જો આપણા જેવો સાથ.
સુખદુઃખની વારતા કે'તા બાથમાં ભીડી બાથ.
ખુલ્લાં ખેતર અડખે-પડખે, આઘે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, કયાં છે આવો લાભ ?
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેતુ.
દોઢિયા માટે દોડતાં એમાં આપણું ફોરે વ્હાલ.
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ.

- મકરંદ દવે

અથવા

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો. ૧૪

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે
ફરી આવા દ્રશ્ય સ્મૃત્તિ પર મળે ન મળે
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
પરિચિતોને ધરાઈને જોઈ લે વાદો
આ હસતા ચહેરા, આ મીઠી નજર મળે ન મળે.
ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.
રડી લો આજ સંબંધોને વીટળાઈ અહીં
પછી કોઈની કબર મળે ન મળે
વળાવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખમાં
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે
વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ'
અરે આ ધૂળ પાછી ઉમ્રભેર મળે ન મળે.

- આદિલ મન્સૂરી

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે, જીવન નિરોગી, પ્રસન્ન, મધુર, નિષ્પાપ, સેવા પરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેનાં બધાં જ વ્યવહાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. અંતે તો સાહિત્ય જ જીવનને આનંદમય મંગલમય બનાવે છે. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વ કલ્યાણકારી ભાવના છે. તેનું શરીર એની મેળે જ ભાવના મય, કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે. જીવનની સુગંધ છે. સાહિત્યના માધ્યમથી જ આપણે જીવનને આનંદમય-મંગલમય બનાવી શકીએ.

- કાકાસાહેબ કાલેલકર

અથવા

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચે હમેંશ ઘણું અંતર રહે છે. આ જગત અનેક વિસંવાદોથી ભરેલું છે. એ વિસંવાદોને આ કે તે વિચાર વ્યવસ્થાથી દૂર કર્યાનો દાવો જમાને-જમાને કરવામાં આવે છે. પણ એવા દાવા પરિસ્થિતિને વધારે વિસંગત બનાવે છે. અધિકૃત વાસ્તવિકતા અને વર્તમાન પરિસ્થિતિ વચ્ચેનો સંઘર્ષ તો ચાલ્યા જ કરશે. આવા ધૂંધળા હવામાનમાં સ્થિર દ્રષ્ટિએ જોનારા કવિની જરૂર છે. એનું કામ ખોટી હૈયાધારણ આપવાનું નથી. એ તો જમાનાની બધી સિન્થેટીક બનાવટ જેવી જ પૂરવાર થાય એવું બને.

- સુરેશ જોષી

૩ નીચેનો નિબંધ લખો : ૧૪

વર્તમાન શિક્ષણની સમસ્યાઓ

અથવા

૩ નીચેનો નિબંધ લખો : ૧૪

નવી પેઢી નવા પ્રશ્નો

૪ નીચેના વિષય પર નિબંધ લખો : ૧૪

સાહિત્ય અને સમાજાભિમુખતા

અથવા

૪ નીચેના વિષય પર નિબંધ લખો : ૧૪

સાહિત્ય અને જીવન મૂલ્યો.

૫ નીચેનામાંથી કોઈપણ **બે** પ્રશ્નોનાં જવાબ લખો : ૧૪

(૧) દ્રશ્ય શ્રાવ્ય માધ્યમો અને પ્રશ્નો.

(૨) સાહિત્ય અને ધર્મ

(૩) જીવનમાં કલાનું સ્થાન

(૪) સમાજનાં ઘડતરમાં સાહિત્યનું યોગદાન.